Azim Premji Foundation

उन्नति

ઉન્નતિ
વિકાસ શિક્ષણ સંસ્થાન



# પંચાયત અને વિકાસલક્ષી કાર્યક્રમોમાં સમિતિઓની રચના અને ભૂમિકા

(આ સામગ્રી અઝિમ પ્રેમજી ફાઉન્ડેશન સમર્થિત પ્રોજેક્ટના ભાગરૂપે
ઉન્નતિ દ્વારા તૈયાર કરવામાં આવી છે.)

આદિવાસી વિસ્તાર માટે

# અનુક્રમણિકા


| | |
|---|---|
| કારોબોરી સમિતિ | ૪ |
| સામાજિક ન્યાય સમિતિ | ૫ |
| પાણી સમિતિ | ૯ |
| માતૃમંડળ સમિતિ | ૧૨ |
| ગ્રામ આરોગ્ય અને પોષણ સમિતિ | ૧૫ |
| શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) | ૧૯ |
| તકેદારી સમિતિ – પંડિત દીનદયાળ ગ્રાહકભંડાર | ૨૨ |
| ગુજરાત રાજ્યમાં 'પેસા' અધિનિયમના અમલીકરણના નિયમો | ૨૬ |

## પંચાયત અને વિકાસલક્ષી કાર્યક્રમોમાં સમિતિઓની રચના અને ભૂમિકા

લોક આધારિત શાસન ચલાવવા માટે કામની જવાબદારીની વહેંચણી જરૂરી છે. કામની જવાબદારીની વહેંચણી માટે જેમ કેન્દ્ર તેમ જ રાજ્ય સ્તરે મંત્રીમંડળ હોય છે તેમ પંચાયતોમાં સમિતિઓની રચના કરવામાં આવે છે.

ગ્રામ પંચાયત જુદાં જુદાં કામો માટે ઠરાવ પસાર કરી સમિતિઓની રચના કરી શકે છે. આ સમિતિઓમાં સરપંચ, ઉપસરંપચ કે પંચાયતના સભ્યો જ હોય એવું જરૂરી નથી. ગ્રામ સભાના સભ્યોનો સમાવેશ આ સમિતિઓમાં કરી શકાય. ગ્રામ સભાના સભ્યોને પંચાયતનાં કામોમાં સામેલ કરવાનો આ એક સારો રસ્તો છે. આવી સમિતિઓની રચનાથી પંચાયતનાં કામોમાં પારદર્શિતા આવે છે. સભ્યોને જવાબદારી મળે છે અને કામની ઝડપ વધે છે. લોકોને એમ લાગે છે કે આ કામ તેમનું પોતાનું જ છે, તેથી લોકોની ભાગીદારી વધે છે. આ પુસ્તિકામાં 'પંચાયત અને વિકાસલક્ષી કાર્યક્રમોમાં સમિતિઓની ભૂમિકા, રચના અને કાર્યો'ના સંદર્ભમાં નીચે દર્શાવેલી સમિતિઓ વિશે સંક્ષિપ્તમાં માહિતી આપવામાં આવી છેઃ **(1) કારોબારી સમિતિ (2) સામાજિક ન્યાય સમિતિ (3) પાણી સમિતિ (4) પંડિત દીનદયાળ ગ્રાહકભંડાર (સરકારમાન્ય વાજબી ભાવની દુકાનો)- તકેદારી સમિતિ (5) ગ્રામ આરોગ્ય અને પોષણ સમિતિ (6) શાળા વ્યવસ્થાપન સમિતિ (એસએમસી) (7) માતૃમંડળ સમિતિ.**

**'પંચાયત એક્સ્ટેન્શન ટુ શિડ્યુલ્ડ એરિયાઝ - PESA'** કાયદા હેઠળ ગુજરાત રાજ્યે ગુજરાત પંચાયત સુધારા અધિનિયમ, 1998માં કલમ 278-ક અને 278 કકમાં અનુસૂચિત વિસ્તારોમાં ગ્રામસભા અને પંચાયત માટેની ખાસ જોગવાઈ કરવામાં આવી છે. આ સુધારાથી અનુસૂચિત વિસ્તારોની ગ્રામસભાને આદિવાસી સમુદાયની પંરપરા, રીત-રિવાજ અને સાંસ્કૃતિક ઓળખને ધ્યાનમાં રાખી સામુદાયિક સંસાધનની દેખરેખ, ગૌણ વન પેદાશોની માલિકી અને તકરારના ઉકેલ કરવા માટે સત્તા આપેલી છે. આ સુધારાથી અનુસૂચિત વિસ્તારોમાં રહેતા લોકોના

હિતસંબંધોને સુરક્ષિત રાખવા માટે ગ્રામસભાને સર્વોપરી અધિકાર મળ્યો છે. 17 જાન્યુઆરી, 2017માં ગુજરાત સરકારે 'પેસા'ના નિયમો બનાવ્યાં. આ નિયમો હેઠળ ત્રણ સમિતિઓની રચના કરવામાં આવી છેઃ **(1) 'શાંતિ સમિતિ', (2) 'સંસાધન, આયોજન અને વ્યવસ્થાપન સમિતિ (રિસોર્સ, પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ કમિટિ - આર.પી.એમ.સી.)' અને (3) 'તકેદારી અને દેખરેખ સમિતિ'**.

આ પુસ્તિકામાં પંચાયત સ્તરે અને સરકારી કાર્યક્રમ અંતર્ગત ગઠિત સમિતિઓની રચના અને ભૂમિકા વિશે માહિતી આપવામાં આવી છે, જે ગ્રામ પંચાયતના પદાધિકારી માટે ઉપયોગી થશે.

# કારોબારી સમિતિ

પંચાયતમાં ઠરાવેલા નિર્ણયોના અમલીકરણ કરાવવાની વહીવટ સંબંધ પૂરેપૂરી જવાબદારી આ સમિતિની છે.

**રચના**

1. પંચાયત ઈચ્છે તો કારોબારી સમિતિની રચના કરી શકે છે.
2. કારોબારી સમિતિમાં પાંચ સભ્યો હોય, તે બધા જ પંચાયતના સભ્યો હોવા જોઈએ.
3. કારોબારી સમિતિમાં એક સભ્ય અનુસૂચિત જાતિનો અથવા અનુસૂચિત આદિજાતિનો હોવો જોઈએ અને એક સ્ત્રી સભ્ય હોવી જોઈએ.
4. આ સમિતિની મુદ્દત બે વર્ષની રહેશે અને તે મુદ્દત પુરી થતાં તેની ફરીથી રચના કરવામાં આવશે.
5. સમિતિના સભ્ય અથવા અધ્યક્ષ પંચાયતને રાજીનામું આપી શકશે.
6. પંચાયતે સોંપેલા કાર્યો અને ફરજો કારોબારી સમિતિ પાસેથી પંચાયત પાછા લઈ શકે છે.

**કાર્યો**


કારોબારી સમિતિએ પંચાયત સોંપે તેવા કાર્યો અને ફરજો નિભાવવાની રહેશે પરંતુ તેમાં સામાજિક ન્યાય સમિતિને લગતાં કાર્યો અને ફરજો ન હોવા જોઈએ.



# સામાજિક ન્યાય સમિતિ

ઈ.સ. 1976માં શ્રી ઝીણાભાઈ દરજી સમિતિએ કરેલ ભલામણ મુજબ પંચાયતમાં ત્રણેય સ્તરની સામાજિક ન્યાય સમિતિ ફરજીયાતપણે બનાવવી તેવું સૂચન કર્યું અને 1996માં તેનો અમલ થયો. ગુજરાત પંચાયત ધારા 1993માં કલમ 92 હેઠળ સામાજિક ન્યાય સમિતિની રચના ફરજિયાતપણે કરવાની હોય છે તેમ કેન્દ્ર સરકાર દ્વારા પણ 1993નાં 73માં બંધારણ સુધારામાં પણ ફરજિયાતપણે સામાજિક ન્યાય સમિતિ રચના કરવા અંગે જણાવેલ છે.

સામાજિક ન્યાય સમિતિનો ઉદ્દેશ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ ઉપરાંત નિરાધાર, ભૂમિહીન ખેત મજૂરો, પછાત વર્ગના નાના સીમાંત ખેડૂતોના હિતોનું રક્ષણ થાય અને ભેદભાવ દૂર થાય તેમજ તેઓ વિકાસના લાભોથી વંચિત ન રહી જાય તે માટે સમિતિને સત્તા અને જવાબદારીઓ સોપવામાં આવી છે.



**રચના**

1. દરેક પંચાયતમાં સામાજિક ન્યાય સમિતિ બનાવવી ફરજિયાત છે. સામાજિક ન્યાય સમિતિની મુદત પંચાયતોની મુદ્દત જેટલી રહે છે.
2. સામાજિક ન્યાય સમિતિમાં સભ્ય સંખ્યા 3થી 5 વધુ નહિ ગ્રામ પંચાયત નક્કી કરે તેટલી જ રહેશે.
3. પંચાયતમાં કોઈપણ સભ્ય વાલ્મિકી સમાજના હોય તો તેમની નિમણૂક સભ્ય તરીકે કરવી બાકીની બેઠકો અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિમાંથી અનામત બેઠક પર ચૂંટાયેલા સભ્યોમાંથી કરવી.
4. એમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિનીએક મહિલા હોવી જોઈએ. જે પંચાયતમાં એ જાતિના મહિલા સભ્યના હોય તો મતદારોમાંથી કોઈને પણ આ સમિતિમાં નીમી શકાય.
5. આ સમિતિમાં પંચાયતના સભ્ય ઉપસરપંચ અને સરપંચ ના હોય તો પણ ચાલે.
6. આ સમિતિની રચના થયા બાદ પહેલી મિટિંગમાં સભ્યોમાંથી કોઈ એક અધ્યક્ષ તરીકે ચૂંટાઈ છે. આપણને સમિતિના સભ્યો હટાવી શકે છે. પરંતુ પંચાયત હટાવી શકતા નથી.

**કાર્યો**

આ સમિતિને ઉપર દર્શાવેલ સમાજ માટે દરેક ક્ષેત્રે સામાજિક ન્યાય પ્રસ્થાપિત થાય તે માટે કામ કરવાનું અને તેમની પાયાની જરૂરિયાતો ઉપર પણ ચાંપતી દેખરેખ રાખી કાર્યવાહી કરવાની હોય છે.

1. **પાણીને લગતા કાર્યો**

   નબળા વર્ગનાં લોકોને પીવાલાયક સ્વચ્છ પાણી મળે તેવી વ્યવસ્થા અને આયોજન કરવું અને ન્યાયી વિતરણ થાય તે અંગે દેખરેખ રાખવી જાહેર કુવાઓ, જળાશયો નારીગૃહો સ્ટેન્ડ પોસ્ટ, ધોબીવાળા નાહવા ધોવાની જગ્યાઓ ઉપર રોકટોક વગર પાણી ભરવા દેવામાં આવે; ઉપયોગ કરવા દેવામાં આવે તેની ચોક્કસ વ્યવસ્થા કરવાની હોય છે.

2. **વીજળીને લગતાં કાર્યો**

નબળા વર્ગોને તેમના જાહેરસ્થળોએ તેમના ફળિયામાં તેમજ વ્યક્તિગત ધોરણે પણ વીજળીની વ્યવસ્થા મળે તે પ્રકારનાં કાર્યો કરવાનાં હોય છે.

3. **રહેઠાણને લગતાં કાર્યો**

આ વર્ગનાં કુટુંબોને ઘરથાળનાં મફત પ્લોટો મળે તથા ગૃહનિર્માણની યોજનાઓનાં અમલીકરણ કાર્યવાહી કરવાની છે.

4. **શિક્ષણને લગતાં કાર્યો**

નબળાં વર્ગોના બાળકોને શિક્ષણ મળી રહે, બાળકો અધવચ્ચેથી શાળા છોડીને ન જાય, તેમને પૂર્વ પ્રાથમિક શિક્ષણ મળી રહે, શાળાનો ગણવેશ મળી રહે, વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળી રહે તેમજ બાળકલ્યાણની પ્રવૃત્તિઓ થાય તેવી વ્યવસ્થા ઉભી કરવી, તેની દેખરેખ રાખવી અને અમલીકરણ કરવાની જવાબદારી

5. **અત્યાચાર અને ભેદભાવનાં કિસ્સાઓમાં કાર્યવાહી હાથ ધરવી**

ગામમાં નબળા વર્ગોના લોકો પર અત્યાચાર થાય કે તેમના પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે તેવા કેસો તપાસવા તથા તેનો અહેવાલ સબંધિત અધિકારીઓને આપવો અને કાયદેસરની કાર્યવાહી કરવી

6. **આર્થિક કાર્યક્રમો**

નબળા વર્ગના લોકોના આર્થિક વિકાસ માટે આર્થિક અને સહકારી પ્રવૃત્તિઓનું સંચાલન કરવું તથા રોજગાર કે ગ્રામઉદ્યોગને લગતી યોજનાઓને ઉતેજન આપવું

7. **જમીનને લગતા કાર્યો**

પડતર, નવ સાધ્ય, જમીન સુધારણા હેઠળ સાથળીનાં લાભો આ વર્ગોના લોકોને મળે તે માટે તેમજ તેમની જમીનોનું રક્ષણ થાય તે મુજબની કાર્યવાહી હાથ ધરવી.

8. **આરોગ્યને લગતાં કાર્યો**


આ વર્ગનાં લોકોના આરોગ્યનું રક્ષણ થાય, રોગોનો વધુ ફેલાવો ન થાય ફળિયામાં સ્વચ્છતા જળવાઈ રહે તથા સાર્વજનિક વૈદકીય સેવાઓ મળી રહે તે માટે જરૂરી કાર્યવાહી કરવી.

**વહીવટ**

1. સમિતિની સભા નિયમિત બોલાવાય તે જોવાનું કામ તલાટી અને સમિતિના અધ્યક્ષનું છે.
2. સામાજિક ન્યાય સમિતિની મીટીંગ ત્રણ મહિનામાં ઓછામાં ઓછી એકવાર તો મળવી જ જોઈએ. જો ત્રણ મહિના સુધી એક પણ વાર મીટીંગ ન મળે તો તાલુકા વિકાસ અધિકારી મીટીંગ બોલાવે, મીટીંગ ના મળે તો તલાટી-કમ-મંત્રી જવાબદાર ગણાય અને તેમને સજા થવા પાત્ર છે.
3. સામાજિક ન્યાય સમિતિના મંત્રી તરીકે તલાટી-કમ-મંત્રી જ હોય છે. તલાટીએ સમિતિની સભાની કાર્યવાહીની નોધ તાલુકા વિકાસ અધિકારીને મોકલવાની હોય છે. સમિતિની સભાના ઠરાવોના અમલ અંગેનું નોધણી પત્રક તલાટીએ રાખવું. અમલ માટે શું કામો કર્યા તેની નોધ પણ તેમાં કરવી.
4. તાલુકા વિકાસ અધિકારી, વિસ્તરણ અધિકારીઓ અને સર્કલ ઇન્સ્પેકટરો પ્રવાસે હોય ત્યારે તેમણે સામાજિક ન્યાયસમિતિના અધ્યક્ષને અને સભ્યોને મળવું જોઈએ.
5. સામાજિક ન્યાય સમિતિ માટે ગ્રામસ્તરે અલગ ખુરશી-ટેબલ, દસ્તાવેજ, લેટરપેડ, સિક્કા વગેરે પંચાયતના ખર્ચે વસાવવાના હોય છે.

# પાણી સમિતિ

ગુજરાત પંચાયત અધિનિયમ 1993ની કલમ 283 ની પેટા કલમ (2) થી મળેલ અધિકારની રૂએ ગુજરાત સરકારે આથી તમામ ગ્રામ પંચાયતોને અધિનિયમ કલમ-99-1 મુજબ પાણી સમિતિની રચના ફરજીયાતપણે કરવા આદેશ આપેલ છે. ગામોમાં પાણીની સમસ્યા મોટી હોય છે. ગામના લોકોને તથા પશુને પીવાનું શુદ્ધ પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે પાણી નો સંગ્રહ કરવો તેમજ તેનું સમયસર ન્યાયી વિતરણ કરવું તથા જાહેર સ્રોતોની જાળવણી નિભાવણી કરીને પાણીની સમસ્યા દુર કરવી જે માટે પાણી સમિતિ એ મહત્વની ભૂમિકા ભજવવાની હોય છે. પાણી સમિતિની બેઠક દર મહિને એક વખત મળશે. સમિતિને જરૂરિયાત જણાય તો તે વધુ વખત પણ બેઠક બોલાવી શકે છે.



**રચના**

1. પાણી સમિતિની રચના કરવી ફરજીયાત છે.
2. સમિતિની રચના પહેલા ગ્રામ સભામાં ઠરાવ કરવો જરૂરી છે.
3. ગ્રામ સભાની ભલામણ ધ્યાનમાં લઈને સમિતિના સભ્યોનની સંખ્યા 10 થી 12 ની અથવા ગ્રામ પંચાયત ઠરાવે


તેટલી રહેશે.આ સભ્યો પૈકી ઓછામાં ઓછા 1/3 સભ્યો મહિલા રહેશે. અનુ.જાતી, અનુ.જનજાતિના તથા પંચાયતના મહિલા પ્રતિનિધિ અથવા સામાજિક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગના તથા ઉપસરપંચ સહિત(4) સભ્યો હોવા ફરજીયાત છે.

4. સ્થાનિક રજીસ્ટર થયેલા મહિલા મંડળ,યુવક મંડળ,સહકારી મંડળી,દૂધ મંડળીના સભ્યોની 2 થી 3 સભ્ય તરીકે પસંદગી કરવાની હોય છે.
5. વિવિધલક્ષી મહિલા કાર્યકર, શિક્ષક, આંગણવાડી કાર્યકર, પાણી પુરવઠા બોર્ડ નક્કી કરે તે પ્રતિનિધિ, ગ્રામસેવક, તલાટી-કમ-મંત્રી કાયમી રીતે હોદ્દાની રૂએ આમંત્રિત સભ્ય રહેશે. આ વ્યક્તિઓ સમિતિની ચર્ચામાં ભાગ લઈ શકેપણ મત આપી શકશે નહિ.
6. આ સમિતિની મુદ્દત ગ્રામપંચાયતની કલમ 92 (6) (ક)અન્વયે બે વર્ષની હોય છે મુદ્દત પુરી થયે સમિતિની પુનઃ રચના કરવાની હોય છે.
7. પાણી સમિતિની મુદ્દત ગ્રામપંચાયત નક્કી કરે તેટલી રહેશ. મુદ્દત પૂરી થયેલ જુના સભ્યો ફરીથી સમિતિના સભ્ય બની શકે છે અથવા તેમાં ફેરફાર પણ કરી શકાશે.

**કાર્યો**

પંચાયતે ઠરાવ કરીને પાણી સમિતિને કાર્યો સોપવાના હોય છે. જે નીચે મુજબ છે.

1. ગ્રામ પંચાયત વિસ્તારના પાણીનાં સ્રોતો, પાણી પીવા લાયક છે કે કેમ તે ચકાસશે તથા પાણીનાં જથ્થાની વિગતો સાથેનું રજિસ્ટર રાખશે.




2. જળ સ્રોતોનાં સંરક્ષણ તથા વિકાસની કામગીરી કરવાની હોય છે.
3. મંજૂર થયેલા કામોના અમલીકરણની તકેદારી રાખી સમયસર કામો પૂર્ણ કરાવશે.
4. પાણીનાં સ્રોત્તોની જાળવણી, મરામત તથા તે અંગેનાં ખર્ચનું આયોજન કરવું તથા વસુલાત કરવી.
5. ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા પાણીનાં ટાંકા,ટાંકીઓ,પાઈપ લાઈનતથા પાણી વિતરણ સ્થળની આજુબાજુ સ્વરછતા જાળવણી તેમજ કલોરીનેશન કરાવવું.
6. પીવાના પાણીની વ્યવસ્થા માટે જરૂરી પાણી વેરો નાખવો, વસૂલાત કરવી તથા નિયમિત રીતે પાણીનાં સ્રોતોની સુધારણા અને ગ્રામસભામાં તેની મંજૂરી મેળવવી.
7. સમાજનાં નબળા વર્ગોના કુટુંબોને સમાન ધોરણે પાણીનો પુરવઠો મળી રહે તે માટે પાણી સમિતિએ ખાસ કાળજી રાખવાની રહેશે.
8. ગામ લોકોમાં આરોગ્ય અને સફાઈની જાગૃતિ લાવવા અંગેનાં કાર્યક્રમનું અમલીકરણ પાણી સમિતિ કરશે. તેમાં સહકારી, સ્વૈછિક સંસ્થાઓનો સહયોગ લેવાનો રહેશે.
9. નાણાકીય વ્યવહાર માટે સમિતિએ સમિતિનાં નામનું અલગ ખાતું ખોલાવવાનું રહેશે. તમામ પ્રકારની નાણાકીય લેવડ દેવડ સમિતિનાં અધ્યક્ષ તથા ગ્રામ પંચાયતનાં બે સભ્યો કે જે સમિતિના સભ્ય હોય એમ ત્રણ સભ્યની સહીથી કરવાની રહેશે. પાંચસો રૂપિયાથી વધુ રકમના ચુકવણા ચેકથી કરવાના રહેશે.

# માતૃમંડળ સમિતિ

સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગનાં ઠરાવ ક્રમાંકઃઆઈસીડી/ 112003/1655- બ તા. 21-11-2003 ઠરાવમાં જણાવ્યા પ્રમાણે આઈસીડીએસ યોજનામાં લોકભાગીદારી મળે તથા યોજનાની કામગીરીમાં સરળતા આવે તે સારું દરેક ગામમાં એક માતૃમંડળની રચના કરી તેના સભ્યો નક્કી કરલે છેતથા સમિતિનું કાર્યક્ષેત્ર નક્કી હોય છે. માતૃમંડળની સમિતિ દ્વારા બાળકો અને મહિલાઓને આઈસીડીએ યોજનામાં લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવા અને તેમ કરીને આંગણવાડી કેન્દ્રમાં લાભાર્થીની સંખ્યામાં વધારો કરવાનો રહેશે.

આ સમિતિએ આંગણવાડી કાર્યકર અને લોક સમુદાય વચ્ચે રોકાણની કામગીરી કરવાની રહેશે. આંગણવાડી વર્કર અને હેલ્પરની નિયમિતાની દેખરેખ રાખવી.



**રચના**

| | | |
|---|---|---|
| 1. લાભાર્થી બાળકોની માતા | - | 2 |
| 2. સગર્ભા મહિલા/ધાત્રીમાતા | - | 2 |
| 3. સ્થાનિક ગામની કિશોરીઓ | - | 2 |
| 4. ગામની પ્રાથમિક શાળાની શિક્ષિકા | - | 1 |
| 5. મહિલા સરપંચ અથવા સમુદાયની મહિલા પ્રતિનિધિ | - | 1 |
| 6. મહિલા સ્વસહાય જૂથના લીડર | - | 1 |
| 7. આંગણવાડી કાર્યકર | - | 1 |

કુલ 10 સભ્યો આ સમિતિમાં હોય છે.

**કાર્યો**

1. આંગણવાડી કાર્યકર અને લોકસમુદાય વચ્ચે સંકલનની કામગીરી કરશે.
2. આંગણવાડી કાર્યકર અને તેડાગરબેન નિયમિત આંગણવાડી ચલાવે છે કે કેમ તેની દેખરેખ રાખશે.
3. પુરકપોષણના વિતરણમાં મદદરૂપ થવું.
4. ખાદ્યસામગ્રીના અભાવે વિક્ષેપ પડે તો તે માટે લોક સહકાર મેળવી મદદરૂપ થવું.
5. વિસ્તારના તમામ બાળકો યોજનાનો લાભ લે તે માટે મદદરૂપ થવું.
6. મહિલા મંડળની મીટીંગો સમયસર યોજાય અને તેમાં મહિલાઓને આરોગ્ય પોષણ વિષયક શિક્ષણ, નબળા બાળકોનું ગ્રોથ મોનીટરીંગ પર ચર્ચા રસીકરણ વિશે સમજ આપવી, આરોગ્ય તપાસ અને સગર્ભા બહેનો બાબતે જાણકારી આપવામાં મદદરૂપ થવું.



7. સ્થાનિક આંગણવાડી કાર્યકરની પસંદગીમાં મદદરૂપ થવું.
8. આંગણવાડી કેન્દ્ર માટે મકાનની સુવિધા ન હોય ત્યાં આંગણવાડી કાર્યકરને મદદરૂપ થવું.
9. પૂર્વ પ્રાથમિક શિક્ષણની કામગીરીમા ંમદદરૂપ થવું તેમજ આંગણવાડીમાંથી શાળા પ્રવેશ માટે લાયક બને ત્યારે શાળામાં પ્રવેશ કરે તેમની નોંધ રાખવી. જેથી સ્કૂલ ડ્રોપ આઉટનું પ્રમાણ ઘટી શકે.
10. લાભાર્થી સ્થળ ઉપર જ પૂરકપોષણનો લાભ લે તેમજ તેની ગુણવત્તાની ચકાસણી કરી જરૂર જણાય મદદરૂપ થવું.
11. સરકારની બધી જ યોજનાઓનો લાભ લે તેવી રીતે સહાય કરવી. જેમ કે જનની સુરક્ષા યોજના, રસીકરણ પોષણ સહાય વગેરે

# ગ્રામ આરોગ્ય અને પોષણ સમિતિ

ગામ લોકો અને ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકોમાં પોષણ સંબંધીત સ્તર સુધરે તે માટે આ સમિતિ કાર્ય કરે છે.

**રચના**

ગ્રામ્ય આરોગ્ય સમિતિના જનસમુદાયના સભ્યોની પસંદગી અને નિમણુંક ગ્રામસભાના ઠરાવથી થશે. આરોગ્ય શિક્ષણ અને પોષણ સેવા પૂરા પાડનાર કર્મચારીઓ હોદ્દાની રૂએ સભ્ય તરીકે રહેશે.

આ સમિતિના માળખામાં દરેક ફળિયા/વાસ મહિલા અનુસૂચિત જાતિ-જનજાતિ લઘુમતિ કોમના સભ્યોનું પ્રતિનિધિત્વ રહે તે જોવાનું રહેશે. સમિતિ ઓછામાં ઓછા 11 સભ્યોથી રચાશે. જેમાં જનસમુદાયના સભ્યોની બહુમતી હશે અને 11 સભ્યો પૈકી ઓછામાં ઓછા પચાસ ટકા સ્ત્રી સભ્યો હશે. ગ્રામ આરોગ્ય સમિતિના દરેક સભ્યને ઓળખ કાર્ડ આપવામાં આવશે. નીચે મુજબ સભ્યપદ આપવામાં આવશે.



1. ગ્રામ પંચાયતના બે સભ્યો
2. મહિલા મંડળ અથવા સ્વ-સહાય જૂથના પ્રતિનિધિ
3. દુધ મંડળીના પ્રતિનિધિ/ સ્વસહાય જૂથના પ્રતિનિધિ

4. ગામના શિક્ષિત યુવા પ્રતિનિધિ
5. મહિલા સ્વાસ્થ્ય સમુહના પ્રતિનિધિ
   (માતા અને બાળ આરોગ્ય સેવા લેતા હોય તેવા)
6. વિકલાંગ વ્યક્તિ અથવા વયસ્ક વ્યક્તિ
7. સ્ત્રી આરોગ્ય કાર્યકર
8. પુરુષ આરોગ્ય કાર્યકર
9. આંગણવાડી કાર્યકર
10. નિશાળના મુખ્ય શિક્ષક
11. દાયણ બહેન/લીંક વર્કર

તદ્ઉપરાંત બે સભ્યો જિલ્લા વિકાસ અધિકારીશ્રી નિયુક્ત કરશે.

સમિતિની પ્રથમ મીંટીંગમાં જનસમુદાયના સભ્યો પૈકીના એક સભ્યની પ્રમુખ એક સભ્યની ઉપપ્રમુખ તરીકે બહુમતીથી વરણી કરવામાં આવશે. પ્રમુખ અને ઉપપ્રમુખ પૈકી એક મહિલા હશે. સમિતિના મંત્રીપદે આશા અને જ્યા આશા શક્ય ન હોય ત્યાં આંગણવાડી કાર્યકર/સ્ત્રી આરોગ્ય કાર્યકરની નિમણુંક થશે.

આ સમિતિનું ગઠન ત્રણ વર્ષ માટે કરવામાં આવશે. સમિતિ દર મહિને એક વખત નિશ્ચિત સ્થળ અને તારીખે મળશે.

**કાર્યો**

1. ગામમાં રહેતા લોકોના આરોગ્ય માટે તેમજ તેમના આરોગ્યના સુધારા માટે પોષણ એક અગત્યનો ઘટક છે. તથા પોષણ સંબંધિત પશ્નો અને પોષણની જરૂરિયાત વિષે ગ્રામજનોમાં જાગૃત્તિ લાવવાની રહેશે.
2. સ્ત્રીઓ અને બાળકોમાં પોષણ સ્તર અને પોષણ સંબંધિત ત્રુટિઓનો અભ્યાસ કરવાનો રહેશે.
3. સમુદાય સાથે પરામર્શ કરીને મળતા સ્થાનિક ઉચ્ચ પોષણયુક્ત ખોરાક અને સ્થાનિક ત્રુટિઓ, ક્ષમતા અને પ્રણાલીગત કુદરતી સ્ત્રોતોમાંથી ઉપયોગ

કરી તેનો સમુદાયમાં વધુ બને તે મુજબ માર્ગદર્શન આપવું.

4. પોષણ વિષયક જરૂરિયાતોનો ગ્રામ આરોગ્યની યોજનાઓમાં સમાવેશ કરવો.
5. મમતા દિવસમાં ગામ લોકો સક્રિય રીતે આ કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે કે નહી તેનું નિરીક્ષણ અને દેખરેખ રાખી ખાત્રી કરવી.
6. સમુદાયમાંથી કુષોષણથી પિડિત બાળકોને જલ્દીથી પારખી અને સી.ડી.એન.સી. સેન્ટર સંદર્ભ સેવાઓ માટે મોકલવા.
7. સ્ત્રીઓ અને બાળકો માટે ગામમાં રહેલી કાર્યરત આંગણવાડી સેન્ટરનું નિરિક્ષણ કરી તેમના દ્વારા અપાતી સંસ્થાઓનું સ્તર ઊંચુ લાવવું.
8. પોષણ સંબંધિત મુસીબતોને સુધારવા અને ગ્રામ કક્ષાએથી જો કોઈ ઉપયોગી મળી રહે તો તે દર્શાવવા.
9. ગામ લોકો પાસે જાહેર આરોગ્ય તંત્રમાંથી ગામ લોકોને મળવાપાત્ર તમામ સેવાઓ વિષે જાણકારી હોવી.
10. ગામના દરેક બાળકને દરેક પ્રકારની રસીઓ નિયત સમયે મળવી જોઈએ.
11. આંગણવાડીઓમાંથી સગર્ભા સ્ત્રી, ધાત્રીમાતા અને 0-6 વર્ષના બાળકને પૂરક આહાર નિયમિત મળવો જોઈએ.
12. ગામ લોકોને સુરક્ષિત પીવાનું પાણી મળે.
13. ગામનું વાતાવરણ સ્વચ્છ રહે.
14. ગામમાં સ્ત્રી સામે અત્યાચાર ન થાય. જો થાય તો તે સામે વિરોધ નોંધાય અને પગલા લેવાય.
15. કાયદેસર લગ્નની ઉંમર પહેલા કોઈના લગ્ન ન થાય.



16. ગામ લોકો પોતાના સ્વાસ્થ્ય અધિકાર માટે જાગૃત રહી અને અધિકારનું હનન ન થાય.
17. ગામમાં કચરો અને પાણીનો નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી અને તેની દેખરેખ રાખવી.
18. નર્સબહેન, આશા અને આંગણવાડી કાર્યકર પોતાની ભુમિકા બરાબર નિભાવે છે. તેની દેખરેખ રાખવી. સમિતિની મીટીંગમાં તેની સમીક્ષા કરવી. જો તેઓ તેમની ભૂમિકા અસરકારક રીતે નિભાવતા ન હોય તો જરૂરી પગલાં લેવા.
19. પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્ર અને ઉપ સ્વાસ્થ્ય કેન્દ્ર પરથી મળવાપાત્ર સેવાઓ વિષે લોકોને વાકેફ કરવા. પંચાયત ઘરની દિવાલ પર અથવા બીજી અન્ય દિવાલ પર આ સેવાઓ વિશે લખવું. જેથી ગામલોકો વાંચીને જાણકારી મેળવી શકે.
20. ગામમાં રોગચાળો થાય તો તેનું કારણ જાણી ફરી ન થાય તે માટે પગલાં ભરવા.
21. ગામમાં કોઈ કુટુંબ કન્યા ભ્રૂણ હત્યા ન કરાવે, કોઈ માતા અને બાળકનું મૃત્યુ ન થાય તે માટે સમયાંતરે આરોગ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવું.
22. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય કાર્યક્રમ , ટી.બી. મેલેરિયા, એચ.આઈ.વી./એઈડ્સ, સીકલસેલ, એનેમીયા, રક્તપિત વગેરેનું ગામ કક્ષાએ અસરકારક અમલીકરણ થાય તેની ખાત્રી કરવી.

# શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)

જ્યારે સર્વ શિક્ષા અભિયાનની શરૂઆત થઈ ત્યારે શાળા કક્ષાએ ગ્રામ્ય સ્તરે ગ્રામ્ય શિક્ષણ સમિતિ (VEC) અને ગ્રામ્ય બાંધકામ સમિતિ (VCWC) તેમજ શહેરી કક્ષાએ વોર્ડ શિક્ષણ સમિતિ (WEC) અન વોર્ડ બાંધકામ સમિતિ (WCWC) તેમજ માતૃશિક્ષક મંડળ (MTA) અને પિતૃશિક્ષક મંડળ (PTA) જેવી વિવિધ સમિતિઓનું અસ્તિત્વ હતું. પરંતુ તેમાં માત્ર બાળકોના વાલીઓનો જ સમાવેશ થતો હતો. પરંતુ જ્યારથી (RTE - 2009) અસ્તિત્વમાં આવ્યું ત્યારથી બાળકોના વાલીઓમાંથી ખાસ મહિલા વાલીઓનો તેમજ શાળા સાથે સંક્ળાયેલા સમાજના વ્યક્તિઓનો તેમજ સ્થાનિક સત્તાતંત્રના સભ્યોનો સમાવેશ કરી માત્ર એક જ સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિ એટલે શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC).




**રચના**

શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) કુલ બાર સભ્યોની બનશે, જેમાં 75 ટકા (9) સભ્યો શાળામાં અભ્યાસ કરતાં બાળકોના માતા-પિતા કે વાલીઓમાંથી હશે, જેમાં વંચિત જૂથ અને નબળા વિભાગના બાળકોના માતા-પિતા કે વાલીઓના પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવાનું રહેશે. (SMC) સભ્યોની પસંદગી કરવા વાલી સંમેલન, ગ્રામસભાનું આયોજન કરવુ.

**કાર્યો**

1. શાળાની જાળવણી
2. મધ્યાહ્ન ભોજન યોજનાની દેખરેખ અને નિયંત્રણ.
3. શાળાકીય કામગીરીમાં જનસમુદાયની ભાગીદારી સુનિશ્ચિત કરવી.
4. શાળામાં તમામ પ્રવૃત્તિઓ માટેની ગ્રાન્ટ વપરાશની દેખરેખ.
5. બાળકોને ગુણવત્તાલક્ષી શિક્ષણ પ્રાપ્ત થાય તે જોવું.
6. શાળા બહારના બાળકોને શાળામાં પ્રવેશ અપાવવો.
7. બાળકોનું 100 ટકા નામાંકન થાય તે જોવું.
8. શાળાની ભૌતિક સુવિધાઓ વધારવા પ્રયાસ કરવા.
9. શાળામાં બાળકોની અને શિક્ષકોની નિયમિત હાજરી અંગે ધ્યાન રાખવું.




10. શિક્ષકો સાથે ચર્ચા કરી તેમની મુંઝવણો અને સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ બનવું.
11. શાળા વિકાસ યોજના (SDP) તૈયાર કરી તેની ભલામણ કરશે.
12. શાળાની શૈક્ષણિક અને ભૌતિક બાબતોનું બાળકના વિકાસને અનુલક્ષીને આયોજન કરવું.
13. SMC એટલે શાળા અને સમાજ વચ્ચેનો સેતુ
14. ગામના અન્ય સામાજિક પ્રસંગોએ (RTE)ની ચર્ચા કરવી.
15. જે વાલીઓના બાળકો શાળાએ નથી આવતા એમને સમજાવીને તેઓ બાળકોને શાળાએ મોકલે તે માટે પ્રોત્સાહિત કરવા.

16. શાળામાં કોઈપણ બાળકને શારિરીક શિક્ષા ન થાય તેની તકેદારી રાખવી
17. (SMC) બેઠકમાં શૈક્ષણિક બાબતોની સાથે નાણાકીય બાબતોના હિસાબોની ચર્ચા અવશ્ય કરવી.
18. વિકલાંગ બાળકોને આપણી સામાન્ય શાળામાં અન્ય બાળકો સાથે અભ્યાસ કરવાની યોજના IED નો શાળામાં અમલ કરાવવો.
19. મધ્યાહ્ન ભોજનમાં જમતી વખતે જ્ઞાતિભેદને કારણે અમુક બાળકોને અલગ બેસાડવાની પ્રથા બંધ કરાવવી.
20. શાળા અને વિદ્યાર્થીઓની સ્વચ્છતા બાબતે SMC વિશેષ તકેદારી રાખવી.
21. શાળા કક્ષાએ બાળકોની સલામતિ અને સુરક્ષા માટે SMC એ વિશેષ પ્રયત્નો કરવા.
22. SMC દ્વારા શાળાના વિકાસ, બાળકોના હિત અને તેમની સુરક્ષાને ધ્યાનમાં લઈ થયેલા ઠરાવોને આગળ ઉપરી અધિકારી કક્ષાએ પહોંચાડવા અને તેના અનુસંધાને થયેલી કામગીરીની સમીક્ષા કરવી.

# તકેદારી સમિતિ
# પંડિત દીનદયાળ ગ્રાહકભંડાર
# (સરકારમાન્ય વાજબી ભાવની દુકાનો)

ભારત સરકારના ગ્રાહક સુરક્ષા અને જાહેર વિતરણ મંત્રાલયના તા.31.8.2001ના પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સીસ્ટમ (જાહેર વિતરણ વ્યવસ્થાના ઓર્ડર 2001ના એનેક્ષરની કલમ-6 (3) મૂજબ ગ્રામ્ય કક્ષાએ વાજબી ભાવની દુકાનો દ્વારા થતી આવશ્યક ચીજવસ્તુઓની વહેંચણી તથા તેની કામગીરી પર દેખરેખ રાખવાના હેતુસર ગ્રામ્ય તકેદારી સમિતિની રચના કરવા રાજ્ય સરકારને જણાવેલ. સરકારે 30.8.2012ના રોજ ઠરાવ કરેલ અને તે અનુસંધાને ગ્રામ્ય કક્ષાએ સમિતિની રચના કરવાની થાય છે. જેને પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર માટેની ગ્રામ્ય તકેદારી સમિતિ તરીકે ઓળખવામાં આવશે. ઉપર મુજબના ઓર્ડરથી તાલુકા કક્ષાએ તાલુકા તકેદારી સમિતિની રચના કરવામાં આવશે.



**રચના**

1. પંડિત દીનદયાળ સમિતિની દરેક ગામમાં રચના કરવાની થાય છે. સમિતિ કુલ 10 સભ્યોની બનાવવાની રહેશે. આ સમિતિમાં ગામના સરપંચ ચેરમેન તરીકે રહેશે અને બાકીના નવ સભ્યોએ ગામની પંડિત દિનદયાલ ગ્રાહક ભંડાર સાથે જોડાયેલ કાર્ડધારક કે કાર્ડમાં જેના નામનો સમાવેશ થયેલ હોય તેવા લોકોનો રહેશે. સભ્યોમાં નીચે મુજબના લોકોનો ફરજિયાત સમાવેશ કરવાનો રહેશે.
2. અગ્રતા ધરાવતા કુટુંબ (PHH) કાર્ડ ધારકમાંથીઃ 2 (બે) સભ્યો
3. અંત્યોદય કાર્ડ ધારકોમાંથીઃ 2 (બે) સભ્યો
4. પ્રાથમિક શાળાના શિક્ષકઃ 1 એક સભ્ય
5. મહિલા પ્રતિનિધિઃ 2 (બે) સભ્યો
6. ગામના પ્રતિષ્ઠિત વ્યક્તિઃ 1 (એક) સભ્ય
7. તલાટી-કમ-મંત્રીઃ 1 સભ્ય સચિવ તરીકે

ઉપર મુજબના સભ્યોમાંથી અગ્રતા ધરાવતા કુટુંબતથા સમિતિના આ સભ્યોની નિમણૂંક તાલુકા મામલતદારે કરવાની રહેશે. કાર્ડ ધારક તથા અંત્યોદય કાર્ડ ધારકના ચાર સભ્યો પૈકી અનુસૂચિત જાતિનાએક અને અનુસૂચિત જનજાતિના એક (જ્યાં અનુસૂચિત જનજાતિ વસ્તી હોય તે ગામમાં) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના એક અને મહિલા વર્ગમાંથી એક અથવા બે સભ્ય નીમવાના રહેશે.

તાલુકા તકેદારી સમિતિની રચના અને તેનું માળખુ નીચે મુજબ રહેશે.

- આ સમિતિમાં ચેરમેન તરીકે તાલુકા પંચાયતના પ્રમુખશ્રી રહેશે
- સમિતિ નીચે મુજબના સભ્યોની બનેલી રહેશે.
- તાલુકાના ધારાસભ્યશ્રી - સભ્યશ્રી
- તાલુકા વિકાસ અધિકારીશ્રી - સભ્યશ્રી
- મામલતદારશ્રી/ઝોનલ અધિકારીશ્રી - સભ્ય સચિવશ્રી
- તાલુકા પંચાયતના ચુંટાયેલ સભ્યોમાંથી ત્રણ મહિલા સભ્યો જે પૈકી એક અનુસૂચિત જાતિના મહિલા સભ્યશ્રી

- તાલુકા પંચાયતના ચુંટાયેલ સભ્યો પૈકી અન્ય ત્રણ સભ્યો
- ગ્રામ્ય તકેદારી સમિતિના પ્રમુખો જેની સંખ્યા તાલુકાના કુલ ગામના 10 ટકા
- તાલુકાની એક એન.જી.ઓના પ્રમુખ
- તાલુકા એફ.પી.એસ એસોસીએશનના પ્રમુખ અથવા પ્રતિનિધિ.
- અગ્રતા ધરાવતા કુટુંબ કાર્ડધારક, એએવાય અને એપીએલ, રેશનકાર્ડ ધારકો - પાંચ સભ્યો

## સમિતિની નિમણૂક, ઓળખ અને દેખરેખ

1. તાલુકા કક્ષાએથી મામલતદારે તેમના હસ્તકના, દરેક ગામે આ એક સમિતિની રચના કરવાની રહેશે તથા આ સમિતિના આ સભ્યની નિમણૂંક તાલુકા મામલતદારે કરવાની રહેશે. આ સમિતિની મુદ્દત બે વર્ષની રહેશે અને મુદત પૂરી થયેથી દિન 15માં નવી નિમણૂંક કરવાની રહેશે અને તેની જાણ ક્લેક્ટર, પુરવઠા અધિકારી, પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારના સંચાલકને તથા સમિતિના દરેક સભ્યને તેની જાણ કરવાની રહેશે તથા આ તમામ સમિતિઓની વિગતો મામલતદારે કોમ્પ્યુટરમાં સોફ્ટવેર દ્વારા એન્ટ્રી કરવાની રહેશે. સમિતિના દરેક સભ્યને મામલતદારશ્રીની સહીથી ઓળખપત્ર આપવાનું રહેશે અને મુદ્દત પૂરી થયેલ પરત મેળવવાનું રહેશે.
2. સમિતિની બેઠક બોલવવાઃ દર મહિને આ સમિતિની બેઠક સમિતિના સભ્ય સચિવ ચેરમેનશ્રીએ તા. 15 થી 20 ની વચ્ચે બોલાવવાની રહેશે. તાકીદના કામો માટે વધુ બેઠકો અને ઓછી મુદ્દતે પણ બેઠકની કાર્યવાહી નોંધ મામલતદારને મોકલવાની રહેશે. બેઠક બોલાવવાનું કામ ચેરમેનશ્રીએ જ કરવાનું રહેશે. આ સમિતિના સભ્યોને તેની લેખિત જાણ કરવાની રહેશે. આ સમિતિની મિટીંગ ચાર સભ્યો કરતાં વધુ હોય તો મળી શકશે.

## કાર્યો

સમિતિનો મુખ્ય ઉદ્દેશ ગામમાં કુટુંબો જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લાભ મેળવવા માટે જોડાણ આપેલી પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારની દુકાનને અધિકૃત સત્તાધિકારી તરફથી ફાળવવામાં આવેલી ચીજવસ્તુઓનો જથ્થો સમયસર અને

પૂરેપુરો ઉપાડે તેમજ તેનું સમયસર અને યોગ્ય રીતે નિયત પ્રમાણમાં વિતરણ કરે તે જોવાનું રહેશે. પીડીએસના અનાજ, ખાંડ, તેલ, મીંઠુ અને કેરોસીનના જથ્થાની વાજબી ભાવની દુકાન પર ડોર સ્ટેપ ડિલિવરી થયાને પ્રમાણિત કરવાની રહેશે. સમિતિના સભ્યો પીડીએસની અવારનવાર મુલાકાત લેશે અને નીચેની બાબતોની તપાસણી કરી શકશે.

1. પીડીએસ (કટ્રોલ) ઓર્ડર- 2001માં દર્શાવેલી વાજબી ભાવની દુકાનના દુકાનદારોની ફરજો મુજબ દુકાનદાર પોતાની ફરજો બરાબર બજાવે છે કે કેમ તે ચકાસવાનું રહેશે અને તેની કોઈ જોગવાઈઓનો દુકાનદાર દ્વારા ભંગ થતો હોય તો તેની લેખિત જાણ મામલતદારશ્રીને કરવાની રહેશે.
2. પુરવઠા અધિકારી તરફથી વાજબી ભાવની દુકાનને ફાળવેલ આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો સમયસર ઉપાડેલ છે કેમ ?
3. દુકાનનાસામેનાભાગેગ્રાહકોવાંચીશકેતેરીતેભાવોની યાદીનું પાટીંયુ મારેલ છે કે કેમ તથા દિવસના પુરવઠા સ્ટોકની માહિતી ગ્રાહકો વાંચી શકે તે રીતે પાટીયા ઉપર લખેલ છે તે જોવાનું રહેશે.
4. જ્યારે જિલ્લા પુરવઠા અધિકારી કે મામલતદાર તેમન પ્રવાસ દરમિયાન અ સમિતિની અવશ્ય મુલાકાત લેવાની રહેશે અને તેમની ફરિયાદો મળે અને તેના માટે પૂરતુ લક્ષ આપીને તે દૂર કરવાની કાર્યવાહી કરવાની રહેશે.
5. આવશ્યક ચીજ-વસ્તુઓનું વિતરણ યોગ્ય રીતે અધિકૃત કાર્ડવાળાને થાય છે કે કેમ તે જોશે તપાસણી દરમિયાન પંડિત દીનદયાળ ગ્રાહકભંડારમાં જો કોઈ ક્ષતિ જણાઈ આવે તો તેની જાણ સમિતિએ/સમિતિના સભ્યશ્રીએ તુરતજ મામલતદારશ્રીના ધ્યાન ઉપર લાવવાની રહેશે. તેમણે ક્ષતિ સુધારવાની કે દૂર કરવા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
6. જીલ્લા પુરવઠા અધિકારીશ્રીએ તેમજ મામલતદારશ્રીએ તેમના પ્રવાસ દરમ્યાન આ સમિતિના સભ્યોના સંપર્કમાં રહેવાનું રહેશે અને લોકોની પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર અંગેની જે ફરિયાદો મળે તે પૂરતું લક્ષ આપીને દૂર કરવા કાર્યવાહી કરવાની રહેશે.
7. સમિતિના સભ્યને નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક તા. 18-8-08 ઠરાવ ક્રમાંકઃ મસબ/102008/220/યની જોગવાઈ હેઠળ મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું મળવાપાત્ર રહેશે.

# ગુજરાત રાજ્યમાં 'પેસા' અધિનિયમના અમલીકરણ નિયમો

1992માં 73માં બંધારણીય સુધારણા દ્વારા પંચાયતી રાજ સંસ્થાઓને વિકેન્દ્રિત શાસન પ્રક્રિયાનો દરજ્જો મળ્યો. આ પંચાયતી રાજ વ્યવવસ્થા આદિવાસી વિસ્તારમાં લાગુ કરવા માટે કેન્દ્ર સરકારે શ્રી દિલિપસિંહ ભૂરિયાના અધ્યક્ષ સ્થાને ભૂરિયા સમિતિનું ગઠન કર્યું. આ સમિતિની ભલામણો મુજબ 1996માં કેન્દ્ર સરકારે પંચાયતી રાજ વ્યવસ્થાને અનુસૂચિત વિસ્તારમાં લાગુ કરવા માટે નવો કાયદો ઘડ્યો. આ કાયદો **'પંચાયત એક્સ્ટેન્શન ટુ શિડ્યુલ્ડ એરિયાઝ - PESA'**ના નામથી જાણીતો થયો. 'પેસા' જનજાતિઓના સ્વશાસનમાં તેમની લોક પરંપરાઓ, સાંસ્કૃતિક અને ધાર્મિક રીતરિવાજ અને સામુદાયિક કુદરતી સંસાધનોની પરંપરાગત જાળવણી પર મહત્ત્વ આપે છે. 24મી એપ્રિલ, 1993માં ગુજરાત સરકારે રાજ્ય પંચાયતી રાજ ધારો બનાવ્યો અને આ 'પેસા' ધારા મુજબ સુધારો 1998માં કર્યો હતો. 17 જાન્યુઆરી, 2017માં ગુજરાત સરકારે 'પેસા'ના નિયમો બનાવ્યાં. આ નિયમોની મહત્વની વિગતો નીચે મુજબ છેઃ

### ગુજરાતમાં પંચાયતની જોગવાઈઓ અંતર્ગત અનુસૂચિત વિસ્તારોના લાગુ પાડવા બાબતના નિયમો - 2017

ગુજરાત રાજ્યે ગુજરાત પંચાયત સુધારા અધિનિયમ, 1998માં કલમ 278-ક અને 278 કકમાં અનુસૂચિત વિસ્તારોમાં ગ્રામસભા અને પંચાયત માટેની ખાસ જોગવાઈ કરવામાં આવી છે. આ સુધારાથી અનુસૂચિત વિસ્તારોની ગ્રામસભાને આદિવાસી સમુદાયની પંરપરા, રીત-રિવાજ અને સાંસ્કૃતિક ઓળખને ધ્યાનમાં રાખી સામુદાયિક સંસાધનની દેખરેખ, ગૌણ વન પેદાશોની માલિકી અને તકરારના ઉકેલ કરવા માટે સત્તા આપેલી છે. આ સુધારાથી અનુસૂચિત વિસ્તારોમાં રહેતા લોકોના હિતસંબંધોને સુરક્ષિત રાખવા માટે ગ્રામસભાને સર્વોપરી અધિકાર મળ્યો છે.

**ગ્રામસભાની રચના અને કાર્યો**

ગામ સ્તરે પંચાયત માટેની મતદાર યાદીમાં જેમના નામોનો સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા તમામ લોકો તે ગ્રામસભાના સભ્યો રહેશે. આદિવાસી વિસ્તારોમાં જ્યાં લોકો રહે છે, તે પારંપરિક વસાહત પોતાની ગ્રામસભા કરી શકે. પંચાયતમાં એકથી વધુ ગ્રામસભા હોઈ શકે. આ જુદી જુદી ગ્રામસભામાં પંચાયતના સેક્રેટરી તમામ ગ્રામસભાના સેક્રેટરી ગણાશે અને તેઓ અધિનિયમ અને તે હેઠળના નિયમો પ્રમાણે બેઠકો બોલાવવા જવાબદાર રહેશે. પંચાયતની કચેરી એ ગ્રામસભાની કચેરી ગણાશે. પંચાયતમાં એકથી વધુ ગ્રામસભા હોય તો દરેક ગ્રામસભાને તેની પોતાની કચેરી જાહેર મકાનો, સાર્વજનિક સભાખંડ, શાળા અથવા જાહેર જનતા જ્યાં સહેલાઈથી પ્રવેશ મેળવી શકે તેવા કોઈ સ્થળે રહેશે અને આવું કોઈ સ્થળ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં સામાન્ય વ્યક્તિના મકાન રહેશે. પરંતુ આવી કચેરી માટે કોઈપણ સ્વરૂપમાં કોઈ ભાડૂ ચૂકવવું જોઈશે નહિ.

પંચાયતની તમામ કામગીરીના નિર્ણય ગ્રામસભાથી કરવામાં આવશે. ગ્રામસભાના કેટલાંક અગત્યના કામો નીચે દર્શાવ્યા છે.

(1) ગ્રામસભાને અંદાજપત્રમાં યોગ્ય જણાય તેવી કોઈ સુધારણા વિચારણા અને તે અંગે ભલામણો કરવાની સત્તા છે.

(2) પંચાયતના કોઈ પણ કાર્યો હોય તેના સ્થળોનો અગ્રતાક્રમ નક્કી કરશે અને ગરીબી નિવારણ અને બીજા કાર્યક્રમો હેઠળના લાભાર્થીઓ નક્કી કરશે.

(3) ગૌણ ખનિજોના ઉત્ખનની પરવાનગી માટેના સ્થળો અંગે વિચારણા કરવી અને તે અંગે અભિપ્રાય આપવા.

(4) સામાજિક ક્ષેત્રમાં બધા સરકારી વિભાગોના કર્મચારી જેમ કે, પંચાયતના સેક્રેટરી, ગ્રામ સેવક, શાળાઓના આચાર્ય, આરોગ્ય કાર્યકરો, વાજબી ભાવની દુકાન ચલાવનાર, સહકારી મંડળીના સેક્રેટરી, આંગણવાડી અથવા બાલવાડી કાર્યકર, સિંચાઈ, જાહેર બાંધકામો અને વિદ્યુત કંપનીઓના કર્મચારીઓ વગેરે ગ્રામસભાને જવાબદેહ રહેશે અને ગ્રામસભાને વિવિધ કર્મચારીઓના કાર્યની સમીક્ષા કરવાની સત્તા છે.

(5) ગ્રામસભાને તમામ કાર્યો અને જાહેર યોજનાઓનું અમલી-કરણનું સામાજિક ઓડિટ કરવાની સત્તા છે. (બાંધકામની ગુણવત્તા અને મળેલા ફંડનો ઉપયોગ, વાજબી ભાવની દુકાનેથી રાહત દરે અનાજ વગેરેનું જાહેર વિતરણ, મધ્યાહ્ન ભોજન, અંત્યોદય યોજના, વૃદ્ધાવસ્થા પેન્શન યોજના, સંકલિત બાળ વિકાસ યોજના - આંગણવાડી, સગર્ભાવસ્થા લાભ યોજના, નબળા વર્ગો માટે પ્લોટની ફાળવણી અને ગૃહનિર્માણ)

(6) સમાજના તમામ વર્ગોમાં એક્તા અને સંવાદિતાને પ્રોત્સાહન આપવું.

(7) કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરવી અને જરૂરી જણાય તો ગ્રામ સ્વયંસેવક દળ અથવા ગૃહરક્ષક દળ ઊભું કરવા માટે પગલાં લેવા.

(8) કુદરતી સાધન-સંપત્તિ અને પર્યાવરણની જાળવણી કરવી, તેનું સંરક્ષણ કરવું અને તેનો વિકાસ કરવો. ગ્રામસભાએ અનુસૂચિત વિસ્તારમાં કુદરતી સંસાધનને સુરક્ષિત રાખવા. ગ્રામસભા તેના વિસ્તારમાં આવેલી તેમજ સ્થાનિક પરંપરા મુજબ જેના પર તે પોતાના પરંપરાગત હકો ભોગવે છે તેવા જળ, વન, જમીન અને ખનિજસંપત્તિ સહિતના કુદરતી સંસાધનને અને સંઘ તથા રાજ્ય સરકારોના કાયદાની ભાવના (અર્થ)ને સુરક્ષિત રાખવા અને તેને જાળવવા સક્ષમ રહશે. આ ભૂમિકા પરિપૂર્ણ કરવા માટે ગ્રામસભા તેના વ્યવસ્થાપનમાં સલાહકારી ભૂમિકા ભજવી શકશે.

(9) જે કાયદાની જોગવાઈઓ, રૂઢિગત કાયદા, સામાજિક અને ધાર્મિક પ્રથા, પરંપરાગત વ્યવસ્થા (વહીવટ), પ્રથા અથવા સામુદાયિક (સાર્વજનિક) સાધનસંપત્તિ સાથે અસંગત હોય તેવા કાયદામાં સુધારા સૂચિત કરવા અને આદિજાતિ સંસ્કૃતિને જાળવવા અને નિભાવવી.

(10) જમીન સંપાદનને લગતી તમામ બાબતોમાં, 'જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુર્નવસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-2013'ની જોગવાઈઓ હેઠળ સંપાદનનો નિર્ણય ગ્રામસભા કરશે.

## શાંતિ, સલામતી અને તકરાર નિવારણની પ્રક્રિયા અને શાંતિ સમિતિ

આદિવાસી સમુદાયની પંરપરા, રીત-રિવાજ અને સાંસ્કૃતિક ઓળખ અને રાજ્ય અને કેન્દ્ર સરકારના નીતિ-નિયમોને ધ્યાનમાં રાખીને સમુદાયમાં શાંતિ, સલામતી

અને તકરાર નિવારણની પ્રક્રિયા અમલ કરવા માટે ગ્રામસભા પાસે પૂર્ણ અધિકાર છે. ખાસ કરીને ગ્રામસભા અસામાજિક તત્ત્વો, મહિલાઓ સાથે અભદ્ર વ્યવહાર અને અત્યાચાર જેવી બાબતો પર પગલાં લેવા માટે ગ્રામસભા પાસે પૂર્ણ અધિકાર છે. ગ્રામસભા 18થી 30 વર્ષના યુવાનોનું એક 'શાંતિ અને સલામતી દળ' બનાવશે જે શાંતિ સમિતિને અધિન કાર્ય કરશે. એવા કોઈ બનાવ બનશે તો આ દળ શાંતિ સમિતિને સૂચના આપશે પરંતુ કોઈ બળજબરી કરી શકશે નહિ. શાંતિ સમિતિ બંને પક્ષોને સાંભળીને આદિવાસી સમાજની રીત-રિવાજ અને કુદરતી ન્યાયને ધ્યાનમાં રાખીને તકરારનું નિવારણ કરશે.

### કુદરતી સંસાધનના સંભાળની પ્રક્રિયા

એવા કુદરતી સંસાધન જેના ઉપર આદિવાસી સમુદાયનો પારંપરિક અધિકાર છે જેવા કે જળ, જમીન, જંગલ, ખનિજ, મિનરલની જાળવણી પરંપરાગત નિયમ અને રાજ્ય અને કેન્દ્ર સરકારના નિયમને અનુરૂપ ગ્રામસભા નક્કી કરશે. સમુદાયના વારસની મૂળગત ભાવનાને ધ્યાનમાં રાખીને કુદરતી સંસાધનના વપરાશ અને વ્યવસ્થાપન ગ્રામસભા નક્કી કરશે. કોઈ પ્રક્રિયાથી આદિવાસી જમીનથી સ્વત્વાર્પણ (એલિનેશન) થાય તો આ રોકથામ કરવા ગ્રામસભાની મુખ્ય જવાબદારી છે. ગ્રામસભાએ, સામાન્યપણે સમુદાય દ્વારા પરંપરાગત રીતે ઉપયોગ કરાતી હોય તેવી અસ્ક્યામતોનું વ્યવસ્થાપન કરવું જોઈશે. સામુદાયિક અસ્ક્યામતોની વાર્ષિક ખરાઈ કરીને તે રજિસ્ટરમાં નોંધવી જોઈશે, જેથી કરીને તેની માલિકી, તેનો ઉપયોગ અને હેતુ બદલવામાં આવે નહિ અને તેની ઉપર દબાણ કરવામાં આવે નહિ.

### ગ્રામ હાટ ઉપર નિયંત્રણ

ગ્રામસભા પોતાના વિસ્તારની અંદરના ગ્રામ હાટ ઉપર દેખરેખ કરશે. ગ્રામ હાટમાં દુકાનદારો અને ગ્રાહકોને પાણી, શેડ અને અન્ય ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરશે. દુકાનદારો ઉપર વેરો લાદવા પંચાયતને સલાહ આપશે. ભાવો સંબંધી છેતરપિંડી અને ખોટી માહિતી સહિત તમામ અનુચિત વ્યવહારોની તપાસ કરવા અને કોઈ ઉલ્લંઘન થયું હોય તો સત્તાધિકારીઓને તે અંગેની જાણ

કરશે. ગ્રામ હાટમાં અને તેની આસપાસના વિસ્તારમાં જુગાર, શરત, નસીબ કસોટી, મરઘા-સ્પર્ધા વગેરેને પ્રોત્સાહન ન આપવા અને કોઈ ઉલ્લંઘન થયું હોય તો સત્તાધિકારીઓને તેની જાણ કરશે.

**ખાણ અને ખનિજ માટે આયોજન, નિયંત્રણ અને રિસોર્સ પ્લાનિંગ અને મેનેજમેન્ટ સમિતિ**

અનુસૂચિત વિસ્તારોમાં તમામ ગૌણ ખનીજોના ખોદકામ અને તેના ઉપયોગ માટે ગ્રામસભાની પૂર્વ ભલામણ જરૂરી રહેશે. ગૌણ ખનિજના વાણિજિયક ઉત્પાદનની શક્યતા ધરાવતા ગામોમાં, ગૌણ ખનિજોનો વ્યાવસાયિક ઉપયોગ કરવાની પરવાનગી આપતાં પહેલાં, ગ્રામસભાની પૂર્વસંમતિ મેળવવાની રહશે. ખાણ અને ખનિજના કાર્ય માટે પંચાયતમાં એક 'રિસોર્સ પ્લાનિંગ અને મેનેજમેન્ટ સમિતિ - આર.પી.એમ.સી.'ની રચના કરવાનું રહેશે. આ સમિતિની સલાહથી ગ્રામસભા પોતાનો નિર્ણય કરશે. આર.પી.એમ.સીમાં ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ વિભાગમાંથી એક પ્રતિનિધિ રહેશે.

વ્યક્તિગત ઉપયોગ માટે પરંપરા અનુસાર પરવાનો લીધા પછી ગૌણ ખનિજનો ઉપયોગ કરી શકશે. ગ્રામસભા, ખાણકામ પરવાના હેઠળ પરંપરાગત આવાસોથી અલગ પાકા ઘરો બનાવવામાં ઉપયોગમાં લેવાતી સ્થામિક સામગ્રી જેમકે, પથ્થર, રેતી વગેરેનો જથ્થો નક્કી કરી શકશે. અનુસૂચિત વિસ્તારોમાં ખાણકામ, ફક્ત અનુસૂચિત જાતિના લોકોને અને તે વિસ્તારમાં રહેતા સ્થાનિક વ્યક્તિઓને જ ફાળવવો જોઈશે.

સક્ષમ અધિકારી ગ્રામસભાની પૂર્વભલામણો લીધા પછી ગૌણ ખનિજ માટે ખાણ-પટ્ટો આપી શકશે. અરજદારે વખતોવખત સુધાર્યા પ્રમાણેના પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ 1986 તથા અને પર્યાવરણ અસર મૂલ્યાંકન જાહેરનામા 2006 સહિતના બહાર પડાયેલા નિયમો અને જાહેરનામાની જોગવાઈઓ અનુસાર પર્યાવરણીય મંજૂરી મેળવવાની રહેશે. ગ્રામ સભા પર્યાવરણ મંજૂરીમાં કોઈપણ શરતો કમી કરવા અથવા ઉમેરવા સૂચન કરી શકશે. જિલ્લા ખનિજ ફાઉન્ડેશન

(ડીએમફ) લીઝ રોયલ્ટીની રકમ અનુસૂચિત વિસ્તારોમાં નિયત કરેલ હેતુઓ માટે ઉપયોગ કરશે અને ગામમાં થયેલ કામનો વાર્ષિક અહેવાલ ગ્રામસભાને પૂરો પાડશે.

## ગૌણ વન પેદાશનું વ્યવસ્થાપન

ગૌણ વન પેદાશમાં ગુજરાત ગૌણ વન પેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ અધિનિયમ, 1979 હેઠળ જાહેર કરી હોય તેવી તમામ વન પેદાશોનો સમાવેશ થાય છે. ગૌણ વન પેદાશો એકત્રિત કરનારાઓ, તેમણે એકત્રિત કરેલી ગૌણ વન પેદાશો તેઓ ઈચ્છે તે રીતે વેચવા માટે સ્વતંત્ર રહશે. તેમ છતાં, તેઓ પર્યાપ્ત કિંમત મેળવે અને મધ્યસ્થીઓ અથવા આડતિયાઓ દ્વારા તેમનું શોષણ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે, આ મતલબના ગ્રામ સભાના ઠરાવ પછી સરકાર દ્વારા કિંમત નક્કી કરવામાં આવી હોય તેવા કિસ્સામાં, એકત્રિત કરનારાઓએ વેચાણ માટે એકત્રિત કરેલ ગૌણ વન પેદાશોને, સરકારે નક્કી કરેલ કિંમતે ખરીદવા માટે ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમને અધિકૃત કરી શકશે. પરંતુ આવું કરતી વખતે, ખર્ચ કર્યા બાદ પછીનો ચોખ્ખો નફો સીધેસીધો એકત્રિત કરનારાઓના ખાતામાં જમા થાય તેવું ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમે સુનિશ્ચિત કરશે. (મહારાષ્ટ્રના ગડચિરોલી જિલ્લાના મેંઢાલેખા પંચાયતમાં ગૌણ વન પેદાશના વ્યવસ્થાપન માટે વન સંરક્ષણ સમિતિની રચના કરી છે. આ
સમિતિ ગ્રામસભાના સભ્યો અને વન અધિકારીઓની બનેલી છે. ગ્રામસભા પોતે વનપેદાશોની કિંમત માટે હરાજી કરે છે. મેંઢાલેખામાં વનપેદાશોનો નક્કી કરેલો દર વન વિભાગના નક્કી કરેલા દરથી ઘણો વધારે છે.)

## નાણા ધીરધાર પર નિયંત્રણ અને શાંતિ સમિતિ

ગ્રામસભાની શાંતિ સમિતિ ગામમાં નાણા ધીરધારના વ્યવહારોનું નિયંત્રણ કરશે. લોનની બાબતોમાં મહત્તમ વ્યાજ અને વસૂલાતની બોલીઓ નક્કી કરશે. તકરાર નિવારણ માટે શાંતિ સમિતિ લોનના સંબંધમાં કોઈ પણ માહિતી માંગી શકશે. માહિતી માટેની માંગણી થયેથી નાણા ધીરધાર કરનારાએ ગ્રામસભાએ ઠરાવેલ સમયની અંદર ગ્રામ સભાને સંપૂર્ણ માહિતી પૂરી પાડવી જોઈશે. કોઈ પણ સભ્ય

આવી લોનના સંબંધમાં વ્યવહારમાં કોઈ પ્રકારની અનિયમિતતા, ભ્રષ્ટાચાર, વસૂલાતની કાર્યવાહી, લોન ભરવાઈ કરવાની અસમર્થતા વગેરે સંબંધી પોતાનો કેસ લેખિતમાં કે મૌખિક રીતે ગ્રામસભા અથવા શાંતિ સમિતિ સમક્ષ મૂકી શકશે. આવી અરજી અંગે વિચારણા કર્યા પછી ગ્રામસભા અથવા શાંતિસમિતિના તારણોના આધારે એવું જણાય કે અરજદારને અન્યાય થયેલો છે, તો તે, અન્યાયના નિવારણ માટે સંબંધિત નાણા ધીરધાર કરનારાને સૂચનો આપી શકશે અને નાણા ધીરધારનું નિયંત્રણ કરતાં સક્ષમ સત્તાધિકારીને જાણ કરશે જે જરૂરી પગલાં લેશે.

### વ્યસનમુક્તિ સંબંધી પગલાં

ગ્રામસભા નિષિદ્ધ કેફી દ્રવ્યોના વપરાશથી ઉભા થતા આરોગ્ય જોખમ અને તેનાથી ઉદભવતી આડઅસરો અને તમાકુ જેવા બીજા વ્યસની પદાર્થો અંગે જાગૃતિ ફેલાવવા જવાબદારી ધરાવશે. સખાવતી સંગઠનોને વ્યસનમુક્તિ અભિયાન ચલાવવા માટે નિષિદ્ધ કેફી દ્રવ્યોના વ્યસની લોકો માટે પુનર્વસન કેન્દ્રો ચલાવવા માટે પ્રોત્સાહન આપશે. વ્યસનથી પીડાતી વ્યક્તિઓને પરામર્શ કેન્દ્રો અને આરોગ્ય કેન્દ્રોમાં મોકલવાની ગ્રામસભાની ફરજ રહેશે. ગ્રામસભાની જાણમાં આવે તેવા કેફી પદાર્થોનું ઔદ્યોગિક ઉત્પાદન, વિતરણ, સંગ્રહ, અથવા વપરાશીન ઘટનાની પોલિસને જાણ કરવા ગ્રામસભા જવાબદાર રહેશે.

### અંધશ્રદ્ધા, જાદુટોણા વગેરેને દૂર કરવા

અંધશ્રદ્ધા, જાદુટોણા અથવા જાદુને લગતી બાબતો ગ્રામસભાની અંદર ચર્ચા કરીને તેને દૂર કરવાનો પ્રયત્ન કરશે.

### ગ્રામસભાની બેઠક

ચાર મહિનાથી વધારે નહિ તેટલા સમયગાળામાં ગ્રામસભાની સાધારણ બેઠક દર ત્રિમાસમાં ઓછામાં ઓછી એક વખત યોજવી જોઈશે. દરેક નાણાકીય વર્ષમાં પ્રથમ સાધારણ સભા, આ નિયમો અનુસાર વર્ષની શરૂઆતના બે મહિનાની અંદર યોજવી જોઈશે. સાધારણ બેઠક ઉપરાંત અમુક સંજોગોમાં જ્યારે જરૂર

થાય ત્યારે અસાધારણ બેઠક કરી શકાય. સાધારણ બેઠકની નોટિસ, બેઠકની તારીખથી ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં આપવી જોઈશે અને અસાધારણ બેઠકના કિસ્સામાં એવી બેઠકની તારીખથી ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલા આપવી જોઈશે.

દરેક ગ્રામસભા, તેના વિસ્તારમાં પોતાના કાર્યો કરવા સક્ષમ છે, પરંતુ બીજી ગ્રામસભાઓ સાથે કામ કરવું જરૂરી હોય તેવી સંસાધનના વ્યવસ્થાપન, રસ્તાના બાંધકામ, વગેરે જેવી બાબતોમાં સંબંધિત તમામ ગ્રામ સભાઓ દ્વારા એક સંયુક્ત બેઠક યોજી શકાશે. તમામ ગ્રામસભાઓ એક જ હોય તેમ, ગ્રામસભાઓની સંયુક્ત બેઠક, ગ્રામસભાના નિયમો પ્રમાણે યોજવી જોઈશે. સંયુક્ત બેઠકનું અધ્યક્ષસ્થાન, સરપંચ સંભાળશે અથવા તેની ગેરહાજરીમાં, ગ્રામ પંચાયતના ઉપ-સરપંચ બેઠક બોલાવી શકશે. દરેક ગ્રામસભામાંથી ઓછામાં ઓછા 5 ટકા સભ્યો અથવા 10 ટકા સભ્યોની હાજરી એ બેમાંથી જે ઓછું હોય તે, સંયુક્ત બેઠકમાં ફરજિયાત રહેશે. કોઈ કોરમ ન થવાને લીધે આગામી બેઠકમાની તારીખ તે જ દિવસે નક્કી કરવી જોઈશે અને નવી નોટિસ આપવી જોઈશે. એક ગ્રામસભાના કિસ્સામાં હોય તે પ્રમાણે નિર્ણય કરવાની પદ્ધતિ રહશે. ગ્રામ પંચાયતમાં સરકારી કાર્યક્રમો માટે વિસ્તાર પ્રમાણે ફાળવણી, સંયુક્ત બેઠકોમાં કરવામાં આવશે, જેના માટેની દરખાસ્ત, ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવશે. સંયુક્ત ગ્રામસભાનો નિર્ણય આખરી રહેશે.

**ગ્રામસભાની સમિતિઓ અંગે વધુ જાણકારી**

ગ્રામસભાએ ત્રણ સમિતિઓની રચના કરવાની રહશેઃ

1. **'શાંતિ સમિતિ',**
2. **'સંસાધન, આયોજન અને વ્યવસ્થાપન સમિતિ (રિસોર્સ, પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ કમિટિ - આર.પી.એમ.સી.)' અને**
3. **'તકેદારી અને દેખરેખ સમિતિ'**

## શાંતિ સમિતિ

શાંતિ સમિતિ, પડોશના ગામો સાથે યોગ્ય સંબંધો જાળવશે તથા સુનિશ્ચિત કરશે કે પડોશી ગામોના સમાન હિત અને પરસ્પરાવલંબન અંગેની બાબતોમાં કોઈ પણ કાર્યવાહી પડોશી ગામો સાથે પરામર્શના આધારે કરી શકશે. ગ્રામસભા શાંતિ સમિતિને:

- ગામની શાંતિ ભંગ કરે તેવી ઘટનાઓની તપાસ કરવાની અને નિર્ણય માટે ગ્રામસભાને અહેવાલ આપવાની,
- શાંતિ ભંગ કરનારાને સલાહ-સૂચન આપવાની અને લવાદ તરીકે ફેંસલો કરવાની,
- જરૂરી જણાય ત્યાં તાત્કાલિક કાર્યવાહી કરવાની અને ત્યારપછી ગ્રામસભાને અહેવાલ આપવાની .

## સંસાધન, આયોજન અને વ્યવસ્થાપન સમિતિ (રિસોર્સ, પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ કમિટિ - આર.પી.એમ.સી.)

ગ્રામસભાની સ્થાયી સંસાધનના દેખરેખ માટે 'સંસાધન, આયોજન અને વ્યવસ્થાપન સમિતિ' રહેશે. તમામ વિભાગોના પ્રતિનિધિઓ, આ સમિતિના સલાહકાર તરીકે કાર્ય કરશે અને તેની બેઠકોમાં હાજરી આપશે. આ સમિતિ ગામની અંદરના તમામ સંસાધનના શ્રેષ્ઠ સંભવિત ઉપયોગ માટે યોજના ઘડશે અને તેનો ઉપયોગ કરવા માટે ગ્રામસભાના સભ્યોને સલાહ અને સહકાર આપશે. ગ્રામસભાએ આ સમિતિને વિવાદો અંગેનું નિવારણ લાવવા માટે અધિકૃત કરી શકશે. આ સમિતિ આવા વિવાદોનું નિવારણ લાવી શકવા અસમર્થ હોય, તો ગ્રામસભાની બેઠકોમાં તે અંગેની વિચારણા કરવામાં આવશે અને ગ્રામસભાનો નિર્ણય આખરી રહેશે. આ સમિતિ તેના કાર્યોમાં સહાયરૂપ થવા માટે ખેતી, ગૌણ ખનિજો જેવા નિર્દિષ્ટ મુદ્દાઓ પર પેટા-સમિતિઓની રચના કરી શકશે.


## તકેદારી અને દેખરેખ સમિતિ

સમિતિની મુદત અઢી વર્ષની રહેશે અને અધ્યક્ષ અને સભ્યો, પંચાયતના સભ્યો તરીકે લાયક હોય તો ફરી ચૂંટાવા પાત્ર થશે. આ સમિતિ ગ્રામસભાના સભ્યોમાંથી

અધ્યક્ષ અથવા સરપંચ સહિત 11 સભ્યોની રહેશે. દરેક સમિતિના અધ્યક્ષ, પંચાયતના ચૂંટાયેલા સભ્યોમાંથી ગ્રામસભાએ ચૂંટવાના રહશે. એવા અધ્યક્ષ, પંચાયતના સભ્ય અથવા યથાપ્રસંગ સરપંચ હોતા બંધ થાય તો તે અધ્યક્ષ હોતા બંધ થશે. કોઈપણ વ્યક્તિ સામાન્ય રીતે એકથી વધુ સમિતિના અધ્યક્ષ રહેશે નહિ. સમિતિઓમાં ઓછામાં ઓછી 33 ટકા મહિલાઓ અને અનુસૂચિત આદિજાતિના ઓછામાં ઓછા 50 ટકા સભ્યો રહેશે.

### સમિતિના સભ્યોની ચૂંટણી

પ્રત્યેક સમિતિ માટે દસ સભ્યોની ચૂંટણી ગ્રામસભાની મુક્ત બેઠકમાં યોજાવી જોઈએ. દરેક સમિતિની ચૂંટણી, ગ્રામસભાની બેઠકમાં એક પછી એક અલગથી યોજવી જોઈશે. જો નામનિયુક્ત સભ્યોની સંખ્યા ખાલી જગા કરતાં વધારે હોય, તો ચૂંટણીની શરૂઆત, વારા-ફરતી એક પછી એક, ઉમેદવારના નામની જાહેરાત કરીને કરવામાં આવશે અને હાથ ઊંચો કરાવીને મત લેવામાં આવશે.



નોંધ

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે આ પત્રિકામાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.

Azim Premji Foundation

उन्नति
ઉન્નતિ
વિકાસ શિક્ષણ સંસ્થાન

**વધુ વિગત માટે સંપર્કઃ**


**ગુજરાત પ્રોગ્રામ ઓફિસ**
**જી–૧/૨૦૦ આઝાદ સોસાયટી, અમદાવાદ ૩૮૦ ૦૧૫.**
**ફોનઃ ૦૭૯–૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬**
**ઇમેઈલઃ sie@unnati.org**